# વાલી મંડળ



**ડો. શેતલબેન બી. ખેર**
**કન્વીનર (૨૦૨૦–૨૧)**

શિક્ષણનો મૂળભૂત હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. બાળકોનો સર્વાંગી વિકાસ કરવા માટે તેની શૈક્ષણિક સંસ્થાનો વિવિધ રીતે વિકાસ થવો જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાના વિકાસ માટેના ચાર આધારસ્તંભો છે. શિક્ષણ, વિદ્યાર્થી, વાલી (સમાજ) તથા સંચાલક, શિક્ષક, વિદ્યાર્થી અને સંચાલક મંડળના સહિયારા પ્રયત્નો સાથે વાલીમંડળનો સથવારો સોનામાં સુગંધ ભળે તેવો હોય છે. વાલીમંડળ એ સંસ્થાના ગુણાત્મક પાસાનો મહત્ત્વનો ભાગ છે. તેથી, વાલીઓની જાગૃતતા તથા તેમના વિકાસાત્મક સૂચનો શૈક્ષણિક સંસ્થાના મૂલ્યાંકનમાં AAA તથા NAAC માં ઉચ્ચ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. આવા ઉત્કૃષ્ટ હેતુસર સંસ્થામાં આ વર્ષે પણ ૨૦૨૦–૨૧ દરમ્યાન વાલીમંડળની રચનામાં પણ નવા સભ્યોનો સમાવેશ કરેલ છે જે નીચે પ્રમાણે છે.

(૧) પ્રમુખ : નરેન્દ્રભાઈ બી. ચાવડા (PTC)
B.A., M.A.
શિક્ષક, પ્રાથમિક શાળા

(૨) ઉપપ્રમુખ : કાલુભાઈ પી. નિનામા (PTC)
શિક્ષક, પ્રાથમિક શાળા

(૩) મંત્રી : પ્રવિણભાઈ એસ. પ્રજાપતિ (PTC)
શિક્ષક, પ્રાથમિક શાળા

(૪) સહમંત્રી : સંગીતાબેન કે. પરમાર (PTC)
શિક્ષક, પ્રાથમિક શાળા

(૫) ખજાનચી : રામભાઈ ચતુરભાઈ પટેલ
શિક્ષક, લાયબ્રેરી સાયન્સ

(૬) સભ્યો :

(૧) અરવિંદસિંહ ઝાલા (PTC)
શિક્ષક, પ્રાથમિક શાળા

(૨) ભગવાનસિંહ બી. સોલંકી (PTC)
શિક્ષક, પ્રાથમિક શાળા

(૩) દર્શનાબેન એ. ભાવસાર
શિક્ષક, પ્રાથમિક શાળા

(૪) માવજીભાઈ જી. પરમાર
શિક્ષક, એગ્રીકલ્ચર ડિપ્લોમા

(૫) મહેન્દ્રભાઈ ગોસાઈ
(પોલીસમાં નોકરી)

આ વર્ષે વાલી સંમેલન તથા વાલી મંડળની રચના તા. ૦૨/૦૧/૨૦૨૧ ને શનિવારના ઓનલાઈન પ્લેટફોર્મ Microsoft Team દ્વારા ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ. મિનાક્ષીબેન શેલતની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. ખૂબ મોટી સંખ્યામાં વાલીમિત્રો તેમજ પ્રશિક્ષણાર્થી બહેનો ઓનલાઈન ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા અને શૈક્ષણિક સંસ્થાના વિકાસ માટે જરૂરી પ્રતિભાવ પણ વ્યક્ત કર્યા હતાં.

તદઉપરાંત વાલીમંડળના સભ્યોએ AAA અને NAAC ના મૂલ્યાંકન કાર્યમાં હાજર રહી સંસ્થાને ઉચ્ચ શિખર પ્રાપ્ત કરવામાં સિંહફાળો આપેલ છે.

સંસ્થાના આચાર્યશ્રી, અધ્યાપક મિત્રો તથા વહીવટી કર્મચારીઓના સહકારથી સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.